નગર મારૂ પાટનગર

Regd. No. GNR/65-G0

ગાંધીનગર સમાચાર

રાત્રે અજાણી ગાડીમાં બાંકડા ઉઠાવી જવાયા

સે-૨૪માં ૪.૫ કિમી વિસ્તારમાં સી.સી. રોડનુ કામ પૂર્ણ કરાયુ

બાકીની કામગીરી માટે તંત્ર દ્વારા વિભાગ કક્ષાએ દરખાસ્ત કરાઇ

ગાંધીનગર તા ૧૦

શહેરના સેકટર-૨૪માં સીસી રોડનુ કામ પૂર્ણ કરી દેવાયુ છે. દાયકાઓના અંતે સેકટરમાં રસ્તા તેમજ સ્ટ્રીટ લાઇટની સુવિધા ઉપલબ્ધ થઇ છે. સેકટરમાં ૧.૬૦ કરોડના ખર્ચે સી સી રોડ બનાવવાનુ કામ પૂર્ણ કરી દેવાયુ છે. સેકટરમાં ૪.૫ કીમીના નવા રસ્તાઓનુ નિર્માણ કરી દેવાયુ છે. જયારે બાકીની કામગીરી માટે વિભાગને દરખાસ્ત કરી દેવામાં આવી છે.

સેકટર-૨૪માં લાંબા સમયના અંતે સેકટરવાસીઓને પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થઇ છે. સેકટરમાં ૬ મહિના અગાઉ સી સી રોડનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. વિકાસ અને પાયાની સુવિધાઓના મામલે કોરાણે મુકાયેલા સે-૨૪ માં આખરે પાકા રસ્તા અસ્તિત્વમાં આવ્યા છે. દાયકાઓના અંતે નવા રસ્તા બનતા સેકટરવાસીઓમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. સેકટરમાં ૪.૫ કીમી વિસ્તારમાં સી સી રોડનું કામ કરી દેવામાં આવ્યુ છે. જયારે ઈન્દીરાનગર સહિતના વિસ્તારમાં હજુ પણ રસ્તાનુ કામ બાકી છે. સી સી રોડના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૧.૬૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.જયારે હજુ પણ સેકટરમાં થોડા વિસ્તારમાં કામગીરી બાકી છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. ટુંકમાં બાકીની કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવશે. સેકટરમાં રસ્તાઓ પૂર્વે સ્ટ્રીટ લાઇટનુ કામ પણ પૂર્ણ કરી દેવાયુ છે. જેના અંતે સેકટરની શેરીઓમાં દાયકાઓ બાદ અજવાળુ પથરાયુ છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

વૃક્ષની આત્મકથા - વૃક્ષની આત્મકથા લખવાની કોઈ સર્જકને ઈચ્છા થાય તો તસવીરમાં નિદર્શિત વૃક્ષ આત્મકથા કહેવા તત્પર છે... કેટકેટલા તડકા, છાંયડા, વાવાઝોડા, વરસાદને સહન કર્યા છે... અને જીવનના અસ્તિત્વનો સંઘર્ષ વેદના સાથે સાથે પરોપકારના પાઠ શીખવશે...

કોર્ટ સંકુલના પડતર પ્રશ્નો મામલે વકીલોની અચોક્કસ મુદતની હડતાલ

કોર્ટમાં વકીલો સહિત પક્ષકારોને પ્રવેશવા ન દેવાયા : કોર્ટ કાર્યવાહી ઠપ્પ : આર.ઓ. પ્લાન્ટ બંધ : ગટરનુ દુષિત પાણી ઉભરાતા અસહ્ય ગંદકી : કેન્ટીન પણ છેલ્લા બે મહિનાથી બંધ : લીફટની સુવિધા ઉપલબ્ધ થતી નથી

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર ડીસ્ટ્રીકટ કોર્ટમાં પાયાની સુવિધાઓના અભાવે રોષે ભરાયેલા વકીલો આજે હડતાલનુ એલાન કરી કોર્ટ કાર્યવાહીથી અળગા રહયા હતા. જયારે વકીલો સહિત પક્ષકારોને પણ કોર્ટમાં પ્રવેશવા દેવામાં ન આવતા કોર્ટ કાર્યવાહી ઠપ્પ થઇ ગઇ હતી.કોર્ટ સંકુલમાં સુવિધાઓના નામે મીંડુ હોવાનો આક્રોશ વ્યકત કરતા વકીલોએ અગાઉ આ અંગે ડીસ્ટ્રીકટ જજને રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા હવે આ મામલે હાઈકોર્ટના યુનિટ જજ સમક્ષ રજુઆત કરવામાં આવશે તેમ પણ જણાંવ્યુ હતુ.

કોર્ટ સંકુલમાં છેલ્લા ઘણાં સમયથી ખદબદતી ગંદકી, બંધ આર ઓ પ્લાન્ટ બંધ કેન્ટીન લીફટની સુવિધાનો અભાવ સહિતના પ્રશ્નો વકીલો માટે શિરદર્દ સમાન બન્યા છે.પ્રશ્નોનુ નિરાકરણ નહીં આવે ત્યાં સુધી વકીલોએ અચોક્કસ મુદતની હડતાલ જારી રાખવાનો નિર્ણય લીધો છે.

ગાંધીનગર બાર એસોસિએશને આ મામલે ઠરાવ કરી પ્રશ્નોના ઉકેલ ન આવે ત્યાં સુધી અચોક્કસ મુદતની હડતાલ જારી રાખવાનો પણ નિર્ણય લેવાયો છે. કોર્ટ સંકુલમાં હાલની સ્થિતિએ વકીલોને પીવાનુ ચોખ્ખુ પાણી નસીબ ન થતુ હોવાનો પણ આક્રોશ સેવાઇ રહયો છે. જયારે સફાઇ વ્યવસ્થાના અભાવે અસહ્ય ગંદકીની સમસ્યા પણ ઉદભવી છે. કોર્ટ સંકુલની કેન્ટીન પણ છેલ્લા બે મહિનાથી બંધ હાલતમાં છે. લાંબા સમયના લીધે કોર્ટમાં લીફટની સુવિધા પણ ઉપલબ્ધ થઇ નથી. આ અંગે આક્રોશ વ્યકત કરતા બાર એસોસિએશનના હોદેદારોએ જણાંવ્યુ હતુ કે કોર્ટ સંકુલમાં છેલ્લા ઘણાં સમયથી પાયાની સુવિધાઓનો અભાવ વર્તાય છે. જેના પરિણામે વકીલો તેમજ મુલાકાતીઓએ ડગલે અને પગલે

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : દિપક જાની)

'ખ-માર્ગ' પરથી રાત્રે અજાણી ગાડીમાં બાંકડા ઉઠાવી જવાયા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના 'ખ'રોડ પરથી રાત્રીના સમયે સફેદ રંગની ગાડીમાં બાંકડા ઉઠાવી જવાની ઘટના નગરના એડવોટે નજરે જોઈ હતી. આ ગાડીમાં જોયા હતા. સે. ૫ નજીક ખ-રોડ પરની ફૂટપાથ પરથી ટાટાની બનાવટની ગાડી નં. જીજે-૧૮-એવી-૩૬૧૧માં આશરે ૧૨ વ્યક્તિઓ બાંકડા ઉઠાવીને મુકતા હતા. બાંકડા ભરીને આ ગાડી મહાત્મા મંદિર

સફેદ રંગની ટાટા ગાડીમાં ૧૨ જણા બાંકડા ઉઠાવી જતા રાત્રે ચાલવા નીકળેલા એડવોકેટે નજરે જોયા : શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા પોલીસ કાર્યવાહી કરવા માંગ

બારેક વ્યક્તિઓ દ્વારા ખ-રોડ પરથી બાંકડા ઉંચકીને મુકવામાં આવ્યા અને મહાત્મા મંદિર તરફ હંકારી ગયા હતા. આ બાબતે મનપા દ્વારા પગલા લેવા શહેર જાગૃત નાગરિક પરિષદે આગ્રહ વ્યક્ત કર્યો છે.

ગઈકાલે રાત્રે આશરે ૧૧ થી ૧૧.૩૦ વાગ્યાના સુમારે ચાલવા નીકળેલા એડવોકેટ ચંન્દ્રવદનભાઈ પરમારે કેટલાક ઈસમોને ફૂટપાથ પર મનપા દ્વારા મુકવામાં આવેલા ચાઈના મોઝેકના બાંકડા ઉઠાવીને સફેદરંગની મોટી ગાડીમાં મુકતા તરફ રવાના થઈ હતી. શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા આ મુદ્દે મહાનગર પાલિકાએ પોલીસ ફરિયાદ કરવી જોઈએ તેવી ભલામણ કરવામાં આવી છે.

ગાંધીનગરમાં બાંકડા ચોરાઈ ના જાય તે બાબતનું મહાનગર પાલિકાએ ધ્યાન રાખવું જરૂરી જણાવતા શહેર જાગૃત નાગરિક પરિષદે આ ઘટના બાબતે યોગ્ય પગલાં નહી લેવાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ ચિમકી ઉચ્ચારી છે.

પત્નીના આક્ષેપોથી ત્રસ્ત યુવાને કોર્ટ સંકુલમાં દવા ગટગટાવી

ફેમિલી કોર્ટમાં ભરણપોષણના કેસમાં મુદત અર્થે આવેલા યુવાને દવા ગટગટાવતા કોર્ટ સંકુલમાં ચકચાર

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરની ફેમિલી કોર્ટમાં આજે બપોરે ભરણપોષણના કેસની મુદત અર્થે આવેલા નરોડાના યુવાને દવા ગટગટાવતા ખળભળાટ સાથે હલચલ મચી જવા પામી હતી. પત્નિના ખોટા આક્ષેપોથી ત્રસ્ત પરિણિત યુવાને દવા પી લેતા કોર્ટમાં જ ઉલ્ટીઓ કરવાનુ શરૂ કર્યુ હતુ. યુવાનને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સે -૭ પોલીસે બનાવ સંદર્ભે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.વકીલ આલમમાં પણ આ મામલે ચર્ચાએ જાર પકડયુ હતુ.

પ્રાપ્ય માહિતી અનુસાર ગાંધીનગર ફેમિલી કોર્ટમાં આજે બપોરે નરોડાના યુવાન શિરાજ અબ્દુલ મન્સુરી (ઉ.વ ૩૫) એ ભરણપોષણના કેસમાં મુદત અર્થે લાવવામાં આવ્યો હતો. જયારે આ દરમિયાન યુવાને કોર્ટમાં જ દવા ગટગટાવતા તેની તબિયત લથડી હતી. દવા પીધા બાદ કોર્ટમાંજ યુવાનના મોઢમાંથી ફિણ નિકળવા માંડ્યા હતા પત્નિથી ત્રસ્ત યુવાને દવા પીધા બાદ કોર્ટમાં જ ઉલ્ટીઓ કરી હતી. યુવાને દવા પીધી હોવાની જાણ થતા જ તેને તાત્કાલિક સારવાર અર્થે

● અનુસંધાન પાન-૭ પર

કોર્ટ સંકુલ બહાર આડેધડ પાર્કિંગ

પાર્કિંગની અવ્યવસ્થાના લીધે વકીલો તેમજ મુલાકાતીઓ હેરાન-પરેશાન : વાહન ચોરીનો ઉપદ્રવ પણ વધ્યો

ગાંધીનગર તા ૧૦

સે- ૧૧ સ્થિત કોર્ટ સંકુલમાં પાર્કિંગ વ્યવસ્થાના નામે મીંડુ છે. કોર્ટ સંકુલ બહાર રોજબરોજ આડેધડ વાહનોનો ખડકલો થતા વકીલો તેમજ અસીલો માટે શિરદર્દ સમાન સ્થિતિ સર્જાઈ છે. કોર્ટ સંકુલના ગેટનં-૨ની બહાર પાર્કીંગમાં સલામતીના અભાવે વાહન ચોરીનો ઉપદ્રવ વધી ગયો હોવાની ફરિયાદો ઉદભવી છે. વર્ષો પૂર્વે કોર્ટની પાર્કીંગ વ્યવસ્થાને અનુલક્ષી પોલીસને જવાબદારી સોંપવામાં આવી હતી. પાર્કીંગમાં વ્યવસ્થાના અભાવે મહિલાઓ તેમજ સિનિયર સિટિઝન્સે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે.

કોર્ટ સંકુલ બહાર રોજ બરોજ આડેધડ વાહનોનો ખડકલો થાય છે. નજર નાંખો ત્યાં ગમે તેમ વાહનો ખડકાયેલા જોવા મળે છે. ડિસ્ટ્રીકટ કોર્ટમાં રોજબરોજ હજારો મુલાકાતીઓ તેમજ વકીલોની અવર જવર

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com